નવસારી જીલ્લા પોલીસ તરફથી કરવામાં આવેલ સારી કામગીરીની વિગત  સાફલ્યગાથા
તા. ૦૧/૦૭/૨૦૨૪  થી ૦૭/૦૭/૨૦૨૪

| કચેરી/ શાખા / | કરેલ સારી કામગીરી |
|---|---|
| આઈસર ટેમ્પોમાં ભારતીય બનાવટની વિદેશી દારૂની બોટલો નંગ- ૧૧૮૫ કિંમત રૂપિયા ૩,૧૮,૨૭૫/-નો પ્રોહીબીશન મુદામાલ સાથે એક આરોપીને પકડી પાડી પ્રોહીબીશનનો ગણનાપાત્ર કેસ શોધી કાઢતી એલ.સી.બી.નવસારી. |  |
| નવસારી જીલ્લાના વિવિધ પોલીસ સ્ટેશન વિસ્તારમાં રથયાત્રાની શોભાયાત્રા દરમ્યાન કાયદો અને વ્યવસ્થા જળવાય રહે તે સારુ શોભાયાત્રાના રુટ ઉપર ફ્લેગ માર્ચનુ આયોજન તેમજ ડ્રોનની મદદથી સર્વેલન્સ કરવામાં આવ્યુ. |  |
| ચીખલી પોલીસ સ્ટેશનના પ્રોહીબીશનના ગુનામાં છેલ્લા છ(૬) મહિનાથી નાસતા ફરતા આરોપીને પકડી પાડતી એલ.સી.બી. નવસારી |  |
| ગણદેવી જલારામ મંદિર પાસે ભાડાની દુકાનમાં H.S.Marketing ફ્રેન્ચાઈઝની આડમાં TV ઉપર ઓનલાઈન યંત્રના ચીત્રો બતાવી રોકર્ડ રકમ મુકાવી જુગાર રમાડતા/ રમતા  ૧૦ આરોપીઓને કુલ્લે ૭૧૧૧૦/-ના મુદામાલ સાથે ઝડપી પાડી જુગારનો ગણનાપાત્ર કેસ શોધી કાઢતી ગણદેવી પોલીસ સ્ટેશન ટીમ |  |
| **જીલ્લાના તમામ બ્રાન્ચો/થાણા અધિકારશ્રીઓ સાથે આગામી રથયાત્રા દરમ્યાન કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે સારૂ તકેદારીના ભાગરૂપે મીટીંગનું આયોજન કરવામાં આવેલ** |  |
| **જીલ્લાના તમામ પોલીસ સ્ટેશન વિસ્તારમાં આગામી રથયાત્રા દરમ્યાન કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે અનુસંધાને શાંતિ સમિતિના સભ્યો તથા આગેવાનો સાથે મીટીંગનું આયોજન કરવામાં આવેલ.** |  |

| | |
|---|---|
| અશોક લેલન ટ્રકમાં ભારતીય બનાવટના વિદેશી દારૂનો જથ્થો વીસ્કી તેમજ બીયરની બોટલદ નંગ -૧૫૧૬ કિમંત રૂપિયા -૨,૧૩,૬૦૦/- નો પ્રોહીબીશન મુદ્દામાલ સહીત કુલ રૂપિયા ૪,૬૮,૬૦૦/- ના મુદ્દામાલ સાથે એક આરોપીને ઝડપી પાડી પ્રોહીબીશનનો ગણનાપાત્ર કેસ શોધી કાઢતી ગણદેવી પોલીસ ટીમ |  |
| ભારતીય બનાવટની વિદેશીદારૂની બોટલો નંગ- ૬૦ કિમંત રૂપિયા ૫૪,૭૯૦/- નો પ્રોહીબીશન મુદ્દામાલ સાથે બે આરોપીને પકડી પાડી પ્રોહીબીશનનો ગણનાપાત્ર કેસ શોધી કાઢતી એલ.સી.બી. નવસારી |  |
| **ગુજરાત નાણાં ધીરધાર અધિનિયમ-૨૦૧૧ અન્વયે નવસારી જિલ્લા પોલીસ તરફથી નવસારીની વિવિધ બેંકોના અધિકારીઓ/ કર્મચારીઓ સાથે પાટીદાર સમાજની વાડીમાં જન સંપર્ક સભાનું આયોજન કરવામાં આવેલ. નાગરિકોને ગેરકાયદેસર વ્યાજખોરો પાસે નાણાં ન લેતા સરકારી યોજનાઓ, સહકારી મંડળીઓ, બેંકો પાસેથી નાણાં લઈ શકાય તે રીતે અનુરોધ કરવામાં આવેલ. તેમજ સાઈબર ફ્રોડ અને ત્રણ નવા કાયદાઓ વિશે જાણકારી આપવામાં આવેલ** |  |
| **નવસારી સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં રૂપિયા ૧,૪૦,૦૦,૦૦૦/-(એક કરોડ ચાલીસ લાખ)નો સાયબર ફ્રોડનો ગુનો તા.૨૫/૦૬/૨૦૨૪ ના રોજ દાખલ કરી ગુનામાં સંડોવાયેલ આરોપીઓ પૈકી ૧૦ આરોપીઓની રાજસ્થાન, મધ્યપ્રદેશ, હરીયાણા તથા ઉત્તરપ્રદેશ માટે ટીમો બનાવી ધરપકડ કરતી નવસારી જિલ્લા પોલીસ** |  |